ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## ઈકબાલની દૂરગામી દાર્શનિક દ્રષ્ટિ

ઈકબાલ એક પ્રબળ ઈચ્છા, પ્રાણવાન ઉત્કટતા સાથે દૂરગામી દાર્શનિક દ્રષ્ટિ સાથે આવ્યા. કોમની અવદશાએ એમના ચિત્તને હચમચાવી નાખ્યું. એમની પ્રખર ચેતનાએ એક પ્રબળ આઘાત અનુભવ્યો. એમની સામે ઈસ્લામનો ઈતિહાસ હતો. ઈસ્લામની બુલંદ ફિલસુફી હતી. એમણે જોયું કે કોમને ફરી તેની નિષ્ક્રિયતામાંથી જાગ્રત કરી શકાય છે અને જાગ્રત કરવી જ જોઈએ. એ ગુમરાહ બની હોય તો પણ, એને માટેનો સાચો માર્ગ હજી ખુલ્લો જ છે. માત્ર એને જાગ્રત કરીને એ માર્ગે પ્રેરવાની જ જરૂર છે. એને ભ્રાન્તિમુકત કરતાં જ સાચા જ્ઞાન અને સાચા માર્ગે ઝડપભેર કદમ માંડશે. ડો.ઈકબાલની ચિકિત્સક નજરે પૂર્વે (એશિયાનો)વળગેલો રોગ પારખી લીધો અને એમણે પોતાની પ્રખર વાણીમાં હૃદયસ્પર્શી ચેતનવંતો સંદેશો આપ્યો-તે માત્ર એશિયા પૂરતો સીમિત નહોતો. વિશ્વસ્પર્શી વ્યાપક હતો. ડો.ઈકબાલનો સંદેશ એ ઈસ્લામનો સંદેશ હતો. એ **સરૂદે રફતહ**-અતિતનું ગીત અને **નગ્મએ હિજાઝ-** સાંભળતા મૃત:પ્રાય એશિયામાં નવચેતન-નવજાગૃતિનો પ્રાણસંચાર થયો. સુષુપ્ત ચેતના નવા જોમ સાથે જાગૃત થઈ, પ્રવૃત્ત થવા લાગી. વિશ્વની પ્રજાઓમાં પોતાનું અસ્તિત્વ અસ્મિતાભર્યું હોવાનો આગ્રહ જનમ્યો, અને ઈકબાલ ચીંધી બુલંદી સર કરવાના મનોરથો જાગ્યા.

ડો.ઈકબાલે સૌ પ્રથમ તો માણસને પોતે શું છે એની ખોજ કરવાનું આહવાન આપ્યું અને પોતે અત્યારે કયાં, કેવી સ્થિતિમાં છે તેનું ભાન પણ કરાવ્યું. રજકણનું ભાવિ પણ સૂર્ય થવાનું છે, અને એ પણ કોઈ અંતિમ બુલંદી નથી, ઈન્સાનની બુલંદીની કોઈ સીમા નથી, કારણકે તે અસીમ, અપાર એવા અલ્લાહનો અંશ છે.

ડો.ઈકબાલ પ્રજાના અહમને નહીં, પણ ગૌરવભાનને ઢંઢોળે છે, તેની ચરમ ગરિમાને ઢંઢોળે છે અને એ મંઝિલે પહોંચવા પ્રેરે છે.

● મસ્ત મંગેરા

માહે ઝીલ્હજ ઓગષ્ટ- ૨૦૨૦ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasociety@yahoo.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

**જઝાકુમુલ્લાહ**

## પ્રેસ્ટન - યુ.કે.થી જનાબ અલી યુસુફ ટીલી સા. હસ્તે સોસાયટીને મળેલા ૫,૫૪૩/- પાઉન્ડ

રમઝાન ૨૦૨૦ માં કૌમના હિતેચ્છુ **જનાબ અલી યુસુફ ટીલી સા.** એ **૫,૫૪૩ પાઉન્ડ** ઉઘરાવી સોસાયટીના ખાતામાં જમાં કર્યા છે. **જઝાકુમુલ્લાહ.**

રમઝાન મુબારક માસમાં પોતાની ઇબાદત કરતા જઇ કૌમના નૌનિહાલો, બિમારો, બેવાઓ માટે દર વરસે નિ:સ્વાર્થ ચંદો ઉઘરાવી સોસાયટીને મોકલે છે.તે બદલ હમો એમના ઋણી છીએ.

અલ્લાહપાક સૌ નામી- અનામી ખિદમત ગુજાર તથા દાતાઓને આ નેક કાર્યનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**

## કેનેડાથી જ. ઐયુબભાઇ પાંચભાયા સા. હસ્તે સોસાયટીને મળેલા ૩,૬૨૦ કેનેડીયન ડોલર

રમઝાન ૨૦૨૦ માં કૌમના હિતેચ્છુ **જનાબ ઐયુબભાઇ પાંચભાયા સા.** તથા **જ. સઇદભાઇ બોધાણીયા સા.** સાથે મળીને **૩,૬૨૦/-** કેનેડીયન ડોલર ઉઘરાવી સોસાયટીને મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

રમઝાન મુબારક માસમાં પોતાની ઇબાદત કરતા જઇ કૌમના નૌનિહાલો, બિમારો, બેવાઓ માટે દર વરસે નિ:સ્વાર્થ ચંદો ઉઘરાવી સોસાયટીને મોકલે છે.તે બદલ હમો એમના ઋણી છીએ.

અલ્લાહપાક સૌ નામી- અનામી ખિદમત ગુજાર તથા દાતાઓને આ નેક કાર્યનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**

## અમેરીકા થી જનાબ ડૉ. યાકુબભાઇ ગંગાત સા. તરફથી સોસાયટીમાં મળેલા રૂા.૧૧,૨૨,૦૦૦/-

સોસાયટીના હિતેચ્છુ હમદર્દ દાનવીર **જનાબ ડૉ. યાકુબભાઇ ગંગાત સા. અમેરીકા** તરફથી **રૂા. ૧૧,૨૨,૦૦૦/-** સોસાયટીમાં મળ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

**અલ્લાહપાક આપની આ ખિદમત અને ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમા અતા ફરમાવે. આમીન.**

## અમેરીકા થી સોસાયટીમાં મળેલા રૂા.૩,૭૪,૦૩૮/-

**મુસાદા ચેરીટી, યુ.એસ.એ.** તરફથી **રૂા. ૩,૭૪,૦૩૮/-** સોસાયટીના બેવાફંડ અને સ્કોલરશીપફંડમાં **જનાબ સાદીકભાઇ ભૈયાત સા.** તથા **જનાબ મૌલાના સોયબ ભૈયાત સા. સંજાલી** હસ્તે મળ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

**અલ્લાહપાક એમની ખિદમત અને ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમા અતા ફરમાવે. આમીન.**

## આપણા સમાજનું ગૌરવ

B.H.M.S.



મૂળ **તડકેશ્વર** ના વતની અને હાલ **ખોલવડ** સ્થાઇ **આદીલ સલીમ દોડકીયા** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ B.H.M.S.ની પરીક્ષા શ્રી સી.એન.કોઠારી હોમિયોપેથિક કોલેજ,વ્યારા માંથી પાસ કરી ડૉકટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

મુબારકબાદ



મૂળ **રાંદેર** ના વતની અને હાલ સુરત સ્થાઇ **ફાતેમાબીબી અબુબકર સાલેહભાઇ** (અહમદ ઇસ્માઇલ હાસમભાઇની અહેલીયા,સુરત) ગુજરાત રાજય દ્વારા લેવાયેલ Gujarat State Eligibility test for Assistant Professor ની પરીક્ષા પાસ કરી છે. **તે બદલ મુબારકબાદ.** હાલ એઓ સુરતની સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં સીનીયર રીસર્ચ ફેલો તરીકે ફરજ બજાવે છે.

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ દાનવીર **જનાબ યુસુફભાઇ લીંબાડા સા., જ. ઐયુબભાઇ લીંબાડા સા.** અને **જનાબ બાબુભાઇ લીંબાડા સા.** ના **વાલેદા** સાહેબાનો **તા.૨-૭-૨૦૨૦** ના **જુમેરાત**ના રોજ **ઓસ્ટ્રેલીયા** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ કેનેડા ખાતેના માનદ્ પ્રતિનિધિ **જનાબ મોહંમદ સુલેમાન મહેતા સા.** ના વાલીદ **જનાબ સુલેમાનભાઇ મહેતા સા.** નો **કોસમડી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અલ્લાહપાક ઉપરોક્ત મર્હુમોની બાલ- બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન**

**સોસાયટીના તમામ કાર્યકરો એમના દુ:ખમાં સહભાગી છે.**

## વહોરા સમાચાર

■ **હદીસ શરીફ**

- કચડાયેલા લોકોના નિ:સાસાથી ચેતો, તેઓ અલ્લાહને ન્યાય માટે દુઆ કરે છે અને એકમાત્ર અલ્લાહ જ ન્યાય આપનાર છે.

■ **ચિંતન**

- વાચકો પુષ્કળ હોય છે, ચિંતકો બહુ ઓછા હોય છે.


**અંક : ૦૮**

**માસઃ - ઓગષ્ટ ૨૦૨૦**

**માહે ઝીલ્હજ: ૧૪૪૧**

**તંત્રી : મસ્ત મંગેરા**


**આ અંકમાં**


૧. જંગેબદ્ર :- ઈસ્લામનું અહ્‌મ યુધ્ધ

૨. માણસનો દુષ્કાળ પડયો નથી
બધાને માણસ હોવાનો ડર લાગે છે !

**આ ઉપરાંત અન્ય રસપ્રદ વાંચન....**


***

**આ અંકમાં**

■ તું એવો લાપતા કે હું તને હંમેશ શોધું છું
અને સર્વત્ર એવો કે તું ખોવાઈ નથી શકતો !

■ કૈંક સમજો એમાં તકદીરનું સૂચન
કે આપ અચાનક ભેગા થૈ ગયા !

■ મૌત આગળ તો હવે બેફામ પણ લાચાર છે
બોજ નહીં તો બીજાની પાસે ઉંચકાવે નહીં

## ■ તંત્રી સ્થાનેથી...!

### ગઈકાલ અને આજ

આજના આ આધુનિક ટેકનોલોજીના યુગમાં જયારે માનવજીવન વાયુવેગે વહન થઈ રહયું છે, અને ઘડિયાળના કાંટે જે પ્રકારે દિનચર્યા 'સેટ અપ' થઈ છે ત્યારે માનવી અને સંબંધોનું મૂલ્ય ઘટતું જાય છે. આટલી વ્યસ્તતા હોવા પછી પણ આપણે ઈર્ષ્યા અને અદેખાઈ નથી ત્યજી એ ચર્ચાનો વિષય છે.

આટલી પ્રગતિ છતાં ડંખ મારવાનો જે સ્વભાવ છે એ લુપ્ત થતો જ નથી. કો'કની પ્રગતિમાં અડચણ ઉભી કરવાનું કાર્ય આપણે અવશ્ય કરીએ છીએ. જે સમાજને અને માનવમાત્રને દિશાહિન બનાવે છે. મદદ માટે અર્પિત હાથ તત્કાલ પ્રાદેશિક ભાષામાં કહું તો 'લોકોના ટાંટિયા ખેંચવામાં વધુ વ્યસ્ત છે.' જે અતિ દુ:ખની બાબત છે.

પહેલાંનો સમય યાદ કરીએ ત્યારે જે લાગણી, હૂંફ અને માયા-મમતા ત્યારના સગાં-વ્હાલાઓ, કુટુંબીજનો મારફતે મળતા તે હવે તદ્દન ખલાસ થઈ રહયું છે.

એકબીજા માટે ઘણું દુ:ખ, કષ્ટ વેઠીને પણ સૌની જરૂરત સચવાઈ તેની કાળજી રાખવામાં આવતી.ઓછી સગવડ, અત્યંત ગરીબી વચ્ચે પણ લાગણીના તંતુઓ સદા જોડાયેલા રહેતા.

મને ખબર છે દુ:ખદ પ્રસંગો બનતા તો સગા-વ્હાલાઓ દૂરદૂરથી ચાર, પાંચ કે છ માઈલ જેટલું ચાલીને આવતા, સાથે રહેતા અને સાથે થોડું ઘણું પ્રસંગ સચવાય તે માટે અનાજ તેમજ બહુ જ ઓછા પ્રમાણમાં પણ પૈસા ગજવામાં મૂકી લાવતા.

આજના જમાના હિસાબે તે પૈસા તો બહુ જ ઓછા લાગતા. બે, ચાર, આઠ આના કે રૂપિયો, બે રૂપિયા જેવી મદદ પણ આપતા. પણ એ મદદનું મૂલ્ય ઘણું હતું ? ઘરવાળાની લાજ, ઈઝઝત સચવાઈ રહેતી.

આજે એ બધું કયાં ગયું ? કોણ લઈ ગયું ? કયાં ગઈ તે સાચી લાગણી, મહોબ્બત.

આજે માત્ર દેખાવ રહી ગયો છે.

આજે તો ઘણાં દુ:ખોનું કારણ સગા-વ્હાલાં જ છે.

મારા મિત્ર સૈફ પાલનપુરીનો એક શેર છે.

**જીવનની સમી સાંજે મારે ઝખ્મોની યાદી જોવી હતી,**
**બહુ ઓછા પાનાં જોઈ શકયો,**
**બહુ અંગત-અંગત નામ હતા.**

તેથી હવે સમય થઈ ગયો છે જે કે, હવે આપણે એકબીજાની પ્રગતિમાં આડે આવવાને બદલે તેમને ખૂબ સહકાર આપીએ.

અલ્લાહ અમલની તૌફીક અર્પે.-આમીન.

■ **મસ્ત મંગેરા(કાંગવઈ)**


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



**તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત**
**પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.**

# જંગેબદ્ર :- ઈસ્લામનું અહ્મ યુધ્ધ

ઈસ્લામના ઈતિહાસમાં કરબલાના યુદ્ધ (ઈ.સ.૬૮૦)નું અત્યંત મહત્વ છે, પણ તેનો ઉલ્લેખ સુધ્ધાં કુરાને શરીફમાં નથી, કારણકે કરબલાનું યુદ્ધ મહંમદ સાહેબ(સ.અ.વ.)ના ઈન્તેકાલ (ઈ.સ.૬૩૨) પછી ૪૮ વર્ષે લડાયું હતું. કુરાને શરીફમાં વિસ્તૃત રીતે માત્ર બે જ યુદ્ધોનો ઉલ્લેખ છે. **જંગેબદ્ર** અને **જંગેઅહદ**.

કુરાને શરીફમાં જેનો સૌ પ્રથમ ઉલ્લેખ છે તે જંગેબદ્ર ૧૩ માર્ચ ઈ.સ.૬૨૪(૧૭ રમજાન હિજરી ૨)ના રોજ બદ્ર (સાઉદી અરેબિયા) નામની હરિયાળી ખીણમાં વસંતઋતુમાં લડાયેલું છે. મકકાના કુરેશીઓએ મહંમદ સાહેબ (સ.અ.વ.) તથા તેમના અનુયાયીઓને દુ:ખદાયક ઘણીઘણી યાત્નાઓ ૧૩ વર્ષ સુધી આપી હતી. મહંમદ સાહેબ(સ.અ.વ.) અને તેમના અનુયાયીઓએ અત્યંત સબ્રથી તે સહન કરી, પણ જયારે અત્યાચારોની પરાકાષ્ઠા આવી ગઈ ત્યારે મહંમદ સાહેબે(સલ.) પોતાના અનુયાયીઓ સાથે મકકાથી મદીના હિજરત(પ્રયાણ) કર્યું. આમ છતાં મકકાના કુરેશીઓએ મહંમદ સાહેબ(સલ.) પર અત્યાચાર કરવાનું ચાલુ રાખ્યું. તેમણે મહંમદ સાહેબે(સલ.) જયાં આશ્રય લીધો હતો, તે મદીના પર વિશાળ લશ્કર સાથે ચડાઈ કરી. એ સમયે કુરેશીઓ પાસે ૭૦૦ ઉંટ, ૧૦૦ ઘોડા અને ૧૦૦૦ સૈનિકો હતા. જયારે મહંમદ સાહેબના પક્ષે માત્ર ૩૧૫ અનુયાયીઓ હતા.

જેઓ જુલ્મની હદ વટાવી આગ લગાડે છે, ઝેર આપે છે, લૂંટ ચલાવે છે, અન્યની ભૂમિ કે સ્ત્રીનું હરણ કરે છે. મહંમદ સાહેબ(સલ.)અને તેમના અનુયાયીઓ પર કુરેશીઓએ આવા જ જુલ્મ કર્યા હતા. તેના માટે કુરાને શરીફમાં 'કાફિર' શબ્દ વાપરવામાં આવ્યો છે. કાફિર એટલે નાસ્તિક, નગુણો. ખુદાની રહેમતોનો ઈન્કાર કરનાર આવા કાફિરો સામે સૌ પ્રથમવાર યુદ્ધ કરવાની પરવાનગી આપતા કુરાને શરીફમાં કહયું છે, 'લડાઈ કાજે જેમના પર આક્રમણ કરવામાં આવે છે તેમને લડાઈ કરવાની પરવાનગી આપવામાં આવે છે, કારણકે તેમના પર આ જુલ્મ છે અને નિ:સંદેહ છે કે અલ્લાહ તેમની મદદ માટે પૂરતો છે.'

બદ્રના મેદાનમાં બંને પક્ષે એકબીજાનાં સગાંઓ ઉભાં હતાં. કોઈના કાકા, મામા, ભાઈ, સસરા દ્રષ્ટિગોચર થતા હતા અને એટલે જ કુરાને શરીફમાં યુદ્ધની સંમતિ મળવા છતાં અનેક મુસ્લિમોએ પોતાનાં સગાંસંબંધીઓ સામે લડવાની મહંમદ સાહેબ(સ.અ.વ.)ને ના પાડી દીધી. એ અંગે કુરાને શરીફમાં કહયું છે, 'આપના પરવરદિગારે આપને મદીનાથી હિકમત સાથે બદ્ર તરફ મોકલ્યા હતા, પણ મુસલમાનોનું એક જૂથ તેને નાપસંદ કરતું હતું.'

યુદ્ધ માટે ઈન્કાર કરતા અનુયાયીઓને સમજાવવા મહંમદ સાહેબે ઉપવાસ કર્યા, ખુદાને દુઆ કરી. ત્યારે મહંમદ સાહેબ(સલ.) પર કુરાને શરીફની નીચેની આયાત ઉતરી હતી. જેમાં કહયું હતું, 'તમારા પર જિહાદ (ધર્મયુદ્ધ) ફરજ કરવામાં આવેલ છે. તેથી તેનો ઈન્કાર કરવો તે યોગ્ય નથી. સંભવ છે કે જે વાત તમને યોગ્ય ન લાગતી હોય, તે જ વાત તમારા હિતમાં નીવડે અને જે વાત તમને યોગ્ય લાગતી હોય તે તમારા માટે અહિતની સાબિત થાય. અલ્લાહ દરેક બાબત સારી રીતે જાણે છે, પણ તમે જાણતા નથી.'

'તમે એવા લોકો સાથે કેમ લડતા નથી, જેઓએ પોતાના સોગંદ તોડી નાખ્યા અને રસુલ (મહંમદ સાહેબ)ને મકકાથી હાંકી કાઢવાની તજવીજ કરી અને તેઓએ જ પ્રથમ લડવાની તમને ફરજ પાડી છે.' આમ બદ્રની હરિયાળી ખીણમાં બંને ફોજો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. મહંમદ સાહેબની ફોજમાં ધર્મ અને ન્યાય માટે લડવાનો અદભૂત જુસ્સો હતો. તેનું એક ઉત્તમ ઉદાહરણ ઈસ્લામી હદીસમાં નોંધાયેલું છે. યુદ્ધમાં મહંમદ સાહેબ(સલ.)ના પક્ષે મુસ્લિમોની સંખ્યા અત્યંત ઓછી હતી. જયારે કુરેશીઓ પાસે સંખ્યાબળ અને લશ્કરી સરંજામ વધુ હતો. એવા સમયે મહંમદ સાહેબ(સલ.)ના લશ્કરમાં એક વ્યકિત પણ વધે તો તેનું ઘણું મહત્વ હતું. એવા કપરા સમયે બે મુસ્લિમો હિજૈફ બિન યમન અને અબુ હુસૈન મહંમદ સાહેબ(સલ.) પાસે આવ્યા અને કહયું, 'હે રસુલ, અમે મકકાથી આવતા હતા ત્યારે રસ્તામાં અમને કુરેશીઓએ પકડી લીધા હતા. અમને એ શરતે છોડયા છે કે અમે લડાઈમાં આપને સહકાર ન આપીએ. અમે મજબૂરીમાં એમની એ શરત સ્વીકારી હતી, પણ અમે તમારા પક્ષે લડવા તૈયાર છીએ.'

મહંમદ સાહેબ(સલ.) તેમની વાત એકધ્યાને સાંભળી રહયા. પછી ફરમાવ્યું, 'હરગીજ નહીં. તમે તમારો વાયદો પાળો અને યુદ્ધથી દૂર રહો. અમે કાફિરો સામે અવશ્ય લડીશું. અમને ખુદા જરૂર મદદ કરશે.'

આમ, મૂલ્યોના આધારે લડાયેલા આ યુદ્ધમાં કુરેશીઓ પાસે વિશાળ લશ્કર હોવા છતાં તેમને રણક્ષેત્ર છોડી ભાગવું પડયું. મહંમદ સાહેબ(સલ.)ના ૧૪ અને કુરેશીના ૪૯ માણસો યુદ્ધમાં હણાયા અને તેટલા જ કેદ પકડાયા. ■

## આજે પરિશ્રમ રહયો નથી, માટે ભલભલા શ્રીમંતોને ઊંઘની ગોળી લેવી પડે છે.

ઘણીવાર એવી મુશ્કેલીઓ જીવનમાં આવી પડતી હોય છે કે એનો પડછાયો જોઈને જ આપણા હાંજા ગગડી જતા હોય છે. એવી આપત્તિઓ આવી પડતી હોય છે કે એ વીજળી જેમ આપણા પર તૂટી પડશે અને આપણને એની આગમાં બાળીને રાખ કરી દેશે. એવી સ્થિતિ પેદા થતી હોય છે કે જાણે આપણને લાગે છે કે આપણે કપરી સ્થિતિના દલદલમાં ખૂંપીને ખપી જઈશું. પણ એ બધું આપણને લાગે છે એવું ના પણ બને. આવી સ્થિતિ વખતે આપણે જો અને તો વચ્ચે અટવાતા રહીશું. એનું વિકરાળ સ્વરૂપ જોઈને જ આપણે એની તાકાતનો અંદાજ લગાવી લેતા હોઈએ છીએ.

આપણી કલ્પના જ એવી હોય છે કે એ મુશ્કેલી આપણને મારી નાખશે. પણ ઘણીવાર એવું બનતું હોય છે કે પાંચ હાથ પૂરો, ખૂંખાર દેખાતો પડછંદ આદમી દિલથી સાવ ઢીલો-પોચો નીકળે. એવું જ મુશ્કેલીઓની બાબતમાં પણ થતું હોય છે. આપણે જો હિંમતપૂર્વક કોઈ ખૂંખાર દેખાતા આદમી પાસે જઈશું તો આપણને એનો ડર નહીં લાગે ઉલટાનું એના પોચા અને માયાળુ હ્રદયની જાણ થશે અને આપણી મુશ્કેલીઓ દૂર થશે.

ઘણીવાર કોઈ મુશ્કેલીઓ ખૂબ જ ખૂંખાર લાગતી હોય ત્યારે એના પડછાયાથી ડરીને બેસી જવાને બદલે હિંમતપૂર્વક એની પાસે જવું જોઈએ અને એનો સામનો કરવો જોઈએ. એવું કરવાથી બે ઘટનાઓ બનશે. એક તો જો એ આફત ખરેખર ખૂબ જ કપરી હશે તો આપણે એનો સામનો કરી શકીશું અને હળવી કરી શકીશું. આજે પરિશ્રમ નથી માટે ભલભલા શ્રીમંતોને ટેન્શન, ડિપ્રેશનના કારણે ઊંઘની ગોળીઓ લેવી પડે છે.

## જોઈતું જતું કરવું એ શ્રેષ્ઠ ત્યાગ અને જીવનમાટે અનિવાર્યને જતું કરવું એ મહાન ત્યાગ છે

સમાજની અંદર ઘણા બધા લોકો હોય છે જે બીજા માટે ત્યાગ કરતા હોય છે. પોતાને મળેલું ધન બીજા માટે વાપરવું એ પણ એક મોટો ત્યાગ જ છે. પણ આ ત્યાગ જયારે સ્વાર્થવૃત્તિ માટે કે નામ બનાવવા માટે થતો હોય ત્યારે એ ત્યાગ ત્યાગ નથી રહેતો સોદો બની જાય છે. ત્યાગ એ છે કે જેમાં બદલાની કોઈ ભાવના નથી હોતી.

આજકાલ માન-સમ્માન માટે અને કીર્તિ માટે આવા કહેવાતા ત્યાગ કરનારાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. ખરો ત્યાગ તો એ છે જેમાં કોઈ જાણે પણ નહીં કે ત્યાગ કોણે કર્યો ? હમણાં-હમણાં તો હજાર-પંદરસો રૂપિયાની કિટ વિતરણ માટે એવા દીન-દુ:ખિતો કે અન્ય બંધુઓને જાહેર કાર્યક્રમોમાં હાજર રખાય છે. પછી એ લોકોને ઉપદેશ અપાય અને ફોટો પાડીને પ્રેસમાં અખબારમાં બીજા દિવસે એ બધાના દર્શન આખા સમાજને કરાવવામાં આવે છે. આ દાનને ત્યાગ કહેવડાવનારાઓ દીન-દુ:ખિતો અને અન્યોનું અપમાન કરી રહયા છે.

તમે જયારે કંઈ ત્યાગો છો ત્યારે તમારે ઢંઢેરો પીટવાનો હોય તો એનો કોઈ અર્થ નથી રહેતો. ખરેખરો ત્યાગ તો એ છે જેમાં ત્યાગ કરનારાનું નામ હવા જેવી હવાને પણ ખબર ના હોય. ત્યાગનારાની તકતી ના હોય, એની તો સખાવત જ હોય અને એવા ત્યાગને જ સલામ હોય, ત્યાગથી જ પ્રેમ પાંગરે છે, ત્યાગથી સંબંધો બને છે. જયાં ત્યાગ છે ત્યાં આનંદ છે. ત્યાગ એટલે તારું અને મારું બધું ભૂલી જવાની ઘટના છે. જોઈતું જતું કરવું એ શ્રેષ્ઠ ત્યાગ છે અને જીવન માટે અનિવાર્ય હોય એ જતું કરવું એ મહાન ત્યાગ છે. ત્યાગની પણ કંઈક કિંમત આપવી પડે છે. ત્યાગ કરવા નીકળેલા માણસને અનેક અડચણો આવે છે. એણે એના જીવનની કિંમત ચૂકવીને પણ ત્યાગના રસ્તે ચાલવુ જ પડતું હોય છે.

## માણસનો દુષ્કાળ પડયો નથી
## બધાને માણસ હોવાનો ડર લાગે છે!

વિશ્વભરમાં વૈજ્ઞાનિકોને કોઈએ તો ભલામણ કરવી જોઈએ કે અવકાશી ગ્રહોના નામ, સરનામા અને ઓળખ શોધવાની પ્રક્રિયા વચ્ચે ધરતી પર વસતી લોકોની ભીડમાંથી માણસને શોધવા માટે થોડોક સમય ફાળવવો જોઈએ! યુગ-યુગાન્તરોથી જમીનમાં દટાઈને ખોવાઈ ગયેલા અને ભૂલી જવાયેલા પુરાતત્વના હાડપિંજર અથવા ઠોબરાં ઠીકરાં શોધવાને બદલે માણસને શોધવાની આવશ્યકતા માટે તીવ્રતા દાખવવી જોઈએ! એકાદ અવકાશી ગ્રહ મોડો મળશે તો ચાલશે, પણ માણસ શોધવામાં મોડું નહિ કરવું જોઈએ. માણસ નહિ જડે તો તમારી તમામ વૈજ્ઞાનિક શોધો નકામી પુરવાર થશે! માણસને શોધવામાં અમને તો નિરાશા જ સાંપડી છે. કયારેક કોઈને પૂછવાનું સાહસ કરીએ તો કહેશે કે હું હિન્દુ છું, કોઈ કહેશે હું મુસ્લિમ છું, પણ બંનેમાંથી કોઈ એમ નહિ કહેશે કે હું માણસ છું! કેટલાક કહેવાતા આદર્શવાદીઓ ચબરાકીપૂર્વક કહે છે , હું હિન્દુ અથવા મુસ્લિમ પછી, સૌથી પહેલાં હું ભારતીય છું! એમ કહીને એ પોતાને પ્રખર રાષ્ટ્રવાદી હોવાનું પુરવાર નહિ કરે! હું હિન્દુ હોઉં કે મુસ્લિમ હોઉં પણ સૌથી પહેલાં તો હું માણસ છું! અને એ જ સાચું છે. એ સૌથી પહેલાં માણસ છે! માના પેટે માણસ સ્વરૂપે જ એ જન્મ્યો છે. એ જ એનો સૌ પ્રથમ માણસ હોવાનો પુરાવો છે! છતાં એને માણસ તરીકે ઓળખવાને બદલે હિન્દુસ્તાની, પાકિસ્તાની, બાંગ્લાદેશી, જર્મનીયન અને તિબેટિયન તરીકે ઓળખીએ છીએ! માણસ પોતાની મૂળભૂત ઓળખ ગુમાવી ચૂકયો છે! માણસને ઓળખવો કઈ રીતે! દેશને આઝાદી મળી એમાં અંગ્રેજોની ગુલામીમાંથી આપણે પણ આઝાદ તો થયા પરંતુ માણસ તરીકે ઓળખાવાને બદલે પ્રજા તરીકે ઓળખાયા! આઝાદી મળી, આપણે અને આપણો દેશ સ્વતંત્ર થયો, તો પણ આપણને માનવતંત્ર પ્રાપ્ત થવાને બદલે પ્રજાતંત્ર પ્રાપ્ત થયું ને આપણે પ્રજા તરીકે ઓળખાયા. આપણામાંના થોડાક માણસો સત્તાધીશ તરીકે ઓળખાયા. એનો અર્થ એ કે માણસ સમાજમાં પણ નથી સત્તામાં પણ નથી!

આપણે આઝાદ તો થયા, પણ આપણા દુર્ભાગ્યમાંથી મુકિત મળી નહિ. આપણું એ દુર્ભાગ્ય પથ્થરની લકીર બની ગયું અને પથ્થરની લકીરમાં કયારે કોઈ બદલાવ આવ્યો નથી! અંગ્રેજો ગયા! શાસકો બદલાયા પણ આપણું ભાગ્ય બદલાયું નહિ! પ્રજા તરીકેનું રાજકીય શોષણ એનું એ જ રહયું! શૈક્ષણિક ક્ષેત્રે અને કારોબાર ક્ષેત્રે જે પ્રગતિ થઈ તે વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓને આભારી છે અને એને કારણે આપણે ટેકનોલોજીનો ઉપયોગ કરી આપણે આપણી સમજ પ્રમાણે આગળ વધ્યા એમાં આપણા સત્તાધીશોએ પરસેવો પાડયો નથી! કેમેરો વિદેશમાંથી આવ્યો, ટેલિફોન વિદેશની શોધ છે! ટેલીવિઝન, લેપટોપ, કોમ્પ્યુટર,મોબાઈલ, ફોન, વિમાન, હેલિકોપ્ટર વિગેરે વિદેશી ઉપલબ્ધિઓ છે. આપણે શું કર્યું? સિત્તેર વર્ષમાં ધાર્મિક સ્થાનોની માવજત સિવાય બીજું કંઈ કર્યું છે ખરું? એમાંય ના તો ધાર્મિક આસ્થા છે કે ના તો ઘૃણા છે! ધાર્મિક સ્થાનોના નામે પ્રજાને બે ભાગમાં વહેંચી નાંખવા સિવાય બીજો કોઈ આશય નથી! હમણાં વિદેશી શરણાર્થીઓના પ્રશ્ને મુસ્લિમ શરણાર્થીઓ પ્રત્યે તદન ઉઘાડો ભેદભાવ રાખ્યો એમાં પણ હિન્દુ પ્રત્યે વહાલ અને મુસ્લિમ પ્રત્યે નફરતની લાગણી નથી. એમાં એક કાંકરે બે પક્ષી મારવાનો આશય હતો. એક તો પ્રજા વચ્ચે આંતરિક ઘર્ષણ પેદા કરવું અને બીજો આશય સામેવાળાની વોટબેન્કમાં ગાબડુ પાડી પોતાની વોટબેન્ક મજબૂત કરવી! ૧૯૭૨માં યુગાન્ડાના ઈડી અમીને તમામ ભારતવાસીઓને તગેડી મૂકયા ત્યારે કેટલાક શરણાર્થી તરીકે ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા, કેટલાક અમેરિકા ગયા અને કેટલાક ભારતમાં આવ્યા! એમ આ શરણાર્થીઓ જેને જે દેશમાં ફાવ્યું એ દેશમાં ચાલ્યા ગયા અને દરેક દેશે એમનો સત્કાર કર્યો! શરણાર્થીઓને સત્કારવા અને સ્વીકારવા એ દરેકનું કર્તવ્ય ગણાય. શરણાર્થીઓમાં નવી જાત નથી હોતી. બધા શરણાર્થી! એ જ એમની ઓળખ!

હિન્દુ-મુસ્લિમ વિવાદ એ ધાર્મિક વિવાદ નથી. સામાજિક વિવાદ નથી, એ માત્ર રાજકીય ઉપજ છે અને વર્તમાન રાજકારણની જીવાદોરી છે! સામાજિક વિવાદ નથી, એ માત્ર રાજકીય ઉપજ છે અને વર્તમાન રાજકારણની જીવાદોરી છે. આ કોમી વિવાદ એમને વોટ પણ મેળવી આપે છે અને એમના કરતૂતોને રક્ષણ આપતી ઢાલ પણ છે. તમને કયાંક ને કયાંક વિવાદમાં ભેરવી રાખવા જેવી દેશના અગત્યના આંતરિક પ્રશ્નો અંગે તમને વિચારવાની તક જ ન આપવી. વિવાદો ઉભા કરીને પ્રજાને ફાવે તે દિશાએ હાંકી જવાની ગાડરિયા વૃત્તિ. ગરીબી, બેકારી અને મોંઘવારી જેવા પ્રશ્નોનો કયાંય કોઈ ઉલ્લેખ થતો નથી. બળાત્કાર અને આત્મહત્યાની નકારાત્મક ઘટનાઓ પ્રતિદિન વધતી જાય છે. એના કારણો અને નિવારણ શોધવાની કોઈને ઉતાવળ નથી. પ્રજામાંથી એ અંગે કોઈ પ્રશ્નો ઉભા થતા નથી. કારણ કે પ્રજાને એ દિશાએ વિચારવાની તક મળે તો

એ વિચારી પણ શકે ને પૂછવા જેવા પ્રશ્નો પૂછી પણ શકે. પ્રજાને તો ન જોઈતા વિવાદોમાં જ વ્યસ્ત રાખવી ? એમના દુર્ગુણો પ્રત્યેથી પ્રજાનું ધ્યાન બીજે દોરવા ઉપરાછાપરી વિવાદો ઉભા કરવામાં આવે છે. તલાકના પ્રશ્ને હોબાળો થવાની ધારણા ખોટી પડી. પછી કાશ્મીર અંગેની ૩૭૦ની કલમ દૂર કરવાથી આખુ વર્ષ ચાલે એવી વિવાદની મબલક ફસલ લણવાના એમના મનસૂબા પર પાણી ફરી વળ્યું. સર્જિકલ સ્ટ્રાઈક વિશે લાંબી ચર્ચા ચાલે તેમ હોવા છતાં એની સામે આંગળી ચીંધવા જેવા પ્રશ્નો ઉભા થતા બહુ ઝડપથી ચર્ચા સમેટી લેવી પડી! બાબરી મસ્જિદ અંગેના અદાલતી ચુકાદાને લઈને તોફાનો સર્જાવાની ધારણા પણ ઠગારી નીવડી. છેલ્લે એટલે કે તાજેતરમાં શરણાર્થીઓની નાગરિકતાનો મુદો ઉપાડયો અને એ મુદો વિવાદાસ્પદ બને એ માટે અમુક ચોકકસ કોમના શરણાર્થીઓને નાગરિકતા આપવાનો જગ જાહેર ઈન્કાર કરીને જાણી જોઈને અમુક ચોકકસ પ્રજાને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. એ ઉશ્કેરણીમાં ભયંકર લોહિયાળ હિંસા સર્જાવાની તીવ્રતા હોવા છતાં દિલ્હી સહિત એક બે અન્ય વિસ્તારોને બાદ કરતાં સમગ્ર દેશમાં શાંતિ જળવાઈ રહી. આના પરથી સાબિત થાય છે કે ભારતની પ્રજા સ્વભાવે શાંત છે. પ્રજાએ પોતાના આ શાંત સ્વભાવનો પરચો નોટબંધી વખતે જ આપણને થઈ ગયો હતો. કારણકે નોટબંધીને કારણે જે હાલાકી વેઠવી પડી એનાથી સમગ્ર દેશમાં પ્રજાકીય બળવો ફાટી નીકળ્યો હોત. પરંતુ પ્રજાએ આવી કપરી સ્થિતિમાં પણ શાંત રહી મૂંગા મોઢે હાલાકી વેઠી લીધી. આવું બધુ ચૂપચાપ વેઠી લેવાની પ્રજામાં તાકાત છે કે ટેવ છે એ સમજાતું નથી. ખરેખર તો એ તાકાત નથી ટેવ છે. ભારતની પ્રજાને વેઠી લેવાની ટેવ પડી ગઈ છે. બેકારી વેઠી લીધી. મોંઘવારી વેઠી લીધી. બળાત્કારની ઘટનાઓથી પ્રજાના પેટનું પાણી હાલ્યું નથી. હત્યા અને આત્મહત્યા જેવી ઘટનાઓ પ્રજા માટે કોઈ નવાઈની વાત નથી. નેતાઓના ભ્રષ્ટાચારથી નાના નાના બચ્ચાઓ પણ વાકેફ છે. પણ કોઈ કશું બોલે છે? બોલે તો દેશદ્રોહી ગણાય. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ધૂમ દારૂ વેચાય છે ને પીવાય છે. આ વાત તો સરકાર પણ જાણે છે. ગુજરાતના મુખ્યમંત્રી પણ જાણે છે અને વડાપ્રધાન પણ જાણે છે. ખુદ સરકારમાં બેઠેલા મંત્રીઓ અને સભ્યોમાં પણ કેટલાક દારૂના શોખીન છે ને એ વાત મુખ્યમંત્રીથી છાની નથી. દારૂબંધીના કાયદાના રક્ષકો જ કાયદાનું ઉલ્લંઘન કરતા હોય, પોલીસ પોતે હપ્તાની અવેજીમાં દારૂના અડ્ડાને પ્રોટેકશન પુરુ પાડે છે. કોઈની સામે પગલાં લેવાતા નથી. દારૂબંધી અંગે સરકાર અને સરકારી અધિકારીઓ નિષ્ક્રિય પુરવાર થયા છે. આવી સ્થિતિમાં પ્રજાનું કોઈ દાયિત્વ ખરું કે નહિ ? પણ આપણી પ્રજા તો શાંત સ્વભાવની છે. આવી શાંત સ્વભાવની પ્રજામાં કોમવાદી હિંસાના દુર્ગુણો હોય ખરા ? કોમી હિંસા માટે હંમેશા રાજકારણ જ દોષિત હોવાનું જણાયું છે. કોઈ ચોકકસ બાબતમાં સરકાર અટવાઈ જાય ત્યારે પ્રજાનું ધ્યાન બીજે દોરવાનું એમના માટે જરૂરી થઈ પડે છે ને એ માટે કોમી હિંસા જ એમને કારગર નીવડે છે. દરેક શહેરમાં આવા સો-દોઢસો તત્વોને રાજકારણ દ્વારા ભરણપોષણ મળે છે. કોમી હિંસા એમનો કાયમી કારોબાર છે. સો-દોઢસો આવા તત્વો પચ્ચીસ લાખની વસ્તી ધરાવતા શહેરના શ્વાસ અધ્ધર કરી દેતા હોય છે. આમાં સામાન્ય પ્રજાની સહેજ પણ સામેલગીરી નથી ને એટલે જ એ હિંસક તોફાનો ત્રણ-ચાર દિવસથી વધુ ચાલતા નથી. કોમવાદ અમુક લોકોનો કારોબાર છે અને રાજકારણ માટે હથિયાર છે.

કોમવાદ એ રાજકીય રમતનો અવિભાજય હિસ્સો છે. આમાં માણસને કયાં શોધવો ? હિન્દુઓના ધાડેધાડા, મુસ્લિમોનાં ટોળેટોળા નજર સામે આવે છે, પણ માણસ કયાંય જડતો નથી. માણસનો દુષ્કાળ પડયો છે એવું પણ નથી. બધાને માણસ હોવાનો ડર લાગે છે. ખામોશીમાં જ એને પોતાની સલામતી દેખાય છે. આ ખામોશીએ જ સજજન માણસને નિષ્ક્રિય બનાવી દીધો છે. સજજનોની ખામોશીનું બીજુ એ પણ કારણ છે કે સજજનોને હાકોટા પાડવાનું ય શોભતું નથી. ચુપ રહેવામાં જ એની ગરિમા જળવાય છે. આપણામાં વિરોધાભાસી કહેવાય એવી બે કહેવતો છે. બોલે એના બોર વેચાય. બીજી કહેવત એવી સલાહ આપે છે કે ન બોલ્યામાં નવ ગુણ. આ બંનેમાંથી કઈ કહેવત પર અમલ કરવો અને કઈ કહેવતને પડતી મૂકવી ? વાપરવાની સૂઝ હોય તો બંને કહેવતો ઉપયોગી છે. જયાં બોલવા જેવું છે ત્યાં બોલવું જ જોઈએ અને જયાં ન બોલવા જેવું હોય ત્યાં ન બોલીને નવગુણ પ્રાપ્ત કરી લેવા જોઈએ. એ માટે કયારે બોલવું અને કયારે ન બોલવું એની સૂઝ કેળવવી જોઈએ. જે તે સ્થિતિને પારખીને વર્તવું જોઈએ. પણ હવે એમ લાગે છે કે બહુ ઓછા માણસોને બોર વેચવાની ઉતાવળ છે પરિણામ એ આવ્યું કે દુર્જનોની સક્રિયતા કરતાં સજજનોની નિષ્ક્રિયતા વધુ જોખમકારક છે.

માન્યું કે પાનખરનો પહેલેથી ત્રાસ છે,
આજે તો ભર વસંતે ફૂલો ઉદાસ છે !

(સૌજન્ય : ખલીલ ધનતેજવી)

### ... મહાનતાનો મોતિયો...

ખુદાનાં મુખ્લીસ બંદા અને મહાન વિદ્વાન એવાં અલ્લામા ડો. ઇકબાલનાં શબ્દોમાં કહું તો એ મુસલમાન આવી બંદગી શું કામ આપશે જેમાં સજદહ પણ કશીક અપેક્ષાએ કરાતાં હોય. અને આ દરેક સજદહમાં અપેક્ષાઓ કેમ બાંધવી પડે એ ચર્ચા યોગ્ય વિષય છે.

માનવી વ્વહારૂ જીવનમાં એટલો સપડાયેલો છે કે, ક્ષણેક્ષણ ચિંતામાં જ રહે છે. અને એમાની મોટા ભાગની ચિંતાઓ તો પાયા વગરની અને નિરર્થક હોય છે. બલ્કે હાસ્યાસ્પદ હોય છે. જેમકે, એક ડોકટર પાસે એક દર્દી આવ્યે જેણે પોતાનો જમણો હાથ ડાબી છાતીએ મુક્યે હતો. આ જોઇ ડૉકટરે સામાન્યતઃ અને ચિંતાત્મક સ્વરે પુછી જ નાંખ્યુ કે, ભાઈ! શું છાતીમાં તકલીફ છે? ત્યારે ભાયડો એકદમ સહજ સ્વભાવે બોલ્યો સાહેબ, કંઇ દુઃખની બાબત જેવુ તો નથી, પણ મને એવી ચિંતા રહ્ય કરે છે કે, મારો શ્વાસ બંધ તો નહી થઇ જાય ને! દર્દીનો આ ચિંતાનો પહાડ જોઇ ડૉકટરને એ ન સમજાયું કે આ બાબતનું રીએકટ કઇ રીતે કરવું! કારણકે જેને એ સમસ્યા ગણે છે એ એક નિરર્થક ચિંતા સિવાય બીજું કશુંજ નથી. જે અતાર્કિક છે. ને એમાં તથ્ય જણાતું નથી. આમ, આવી ઘણી બધી નિરર્થક ચિંતાઓ વચ્ચે માનવી ઘેરાયેલો છે. જે દિન- પ્રતિદિન તેને ખાએ જાય છે. અને આ ચિંતા તેનાં વ્યકિતત્વ વિકાસમાં અવરોધકરૂપ સાબિત થઇ રહી છે. અને આ ચિંતાઓમાંની એક ચિંતા છે મહાન બનવાની.

મહાન બનવા માટેનાં પ્રેરણાત્મક સુવિચારો તો ખુબ વાગોળાઇ છે, પણ મહાનતાના પ્રાપ્તિ સ્થાનો અને મહાન બનવાના સદ્દમાર્ગે પગ ઉપાડી સફળતા પ્રાપ્ત કરવાનો વિચારશુધ્ધા કરવામાં– આવતો નથી. શું એ યથાયોગ્ય છે? મહાન બનવા માટે પ્રામાણિકતા અને નિઃસ્વાર્થભાવે સદ્દકાર્યોની જરૂર પડે છે. અને સદ્દકાર્યો માટે સંતમાર્ગે સંતોની જેમ સેવાભાવી થઇ સમાજનાં સભ્યોની અને તે સમાજનાં ગરીબોની વ્હારે આવવું પડે છે. આજે સમાજનાં દરેક માણસે મહાન બનવું છે, ચારેકોર નજર નાંખો તો માલુમ પડશે કે, આજના સમાજમાં આજે એક ઘેલછા પ્રવર્તે છે કે, મારા હાથે જ થવું જોઇએ ને મારું નામ આવવું જોઇએ. આજે દરેકને પૈસાની જેટલી ફિકર નથી એટલી નામની ફિકર છે. આર્થિક સંકટ સર્જાયુ છે છતાં નામની ફિકર છે. આ વાસ્તવિકતાને તમે નકારી ન શકો. નિઃસ્વાર્થ ભાવે સમાજ કલ્યાણનાં કાર્યો કરતાં લોકો કેટલાં! અને સમાજમાં આવી સંસ્થાઓ કેટલી? અને સંસ્થાઓ છે તો એવી સંસ્થાઓની કદર કેટલી? સમાજમાં સદર સંસ્થાઓ જેવી અંગળીના વેળે ગણાય એટલી સંસ્થાઓ છે, જે સમાજ કલ્યણકાર્યો માટે હરહંમેશ તત્પર રહે છે. સમાજનાં એ દાતાઓને સલામ છે જેમણે સદર સંસ્થા અને આવી અનેક સંસ્થાઓનાં ઉત્થાન અને વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યે છે. સમાજ કલ્યાણના સેવાકાર્યમાં સદૈવ હાજરી પુરાવી સમાજના એકેએક બાળક શિક્ષણ હાંસલ કરે અને દરેક ઝરૂરતમંદ સમાજસભ્યોને મદદ પહોંચે એ હેતુસર સમાજ કલ્યાણનાં કાર્યમાં રોકાયેલા એ સર્વે કર્મવીરોને મારા સો-સો સલામ. અને સાચી સમાજ સેવા એજ છે.કે જીવનનાં ૫૦ વર્ષોમાં જે કમાયા છો એ સમાજમાં રહીને જ કમાયા છો તો જેવા જીવનના વનમાં (૫૧ વર્ષમાં) પ્રવેશો તેવાં જ જે સમાજમાંથી કમાયેલું છે તે સમાજને પાછા આપવાનું શરૂ કરી દો. સમાજસભ્યોની મદદ માટે ઉપયોગમાં લાવો એ જ સાચી સમાજસેવા છે. મહાન બનવાની આકાંક્ષા લગભગ જીવનનાં ૨૬માં વર્ષથી શરૂ થાય છે અને સફળતા ન સાંપડે તો એ મહત્વકાંક્ષા લગભગ ૩૯ માં વર્ષે ખતમ થઇ જાય છે, એવું મનોવૈજ્ઞાનિક સંશોધન જણાવે છે. અને વિચારક રસ્કિનનાં મત મુજબ સારાં કર્મો

અને ઉચ્ચ વિચારોનાં અમલ થકી મહાનતા લગભગ જીવનનાં ૪૮ વર્ષો પછી પ્રાપ્ત થાય છે. અર્થાત્ જ્યારે સમાજમાંથી જ કમાયેલું સમાજને પાછું આપવાનો સમય અવતરે છે ત્યારે મહાન બનવા માટેનો સાચો સમય પાકે છે.

આમ, જીવનનાં પાછલા વર્ષોમાં જ દરેકને પ્રસિધ્ધિ અને નામના મળતાં હોય છે. જીવનનાં - એક લાંબા સમય દરમ્યાન કરાયેલાં સારા કર્મો જ તેને મહાન બનાવે છે. પણ વર્તમાન સમયમાં મહાન બનવાની એવી તો ભાગદોડ મચી છે કે, દરેકે કાચી ઉંમરે અને વિના કર્મોએ મહાન બનવું છે. અને આ આજની સામાન્ય બાબત છે. દરેક માણસ આજે નામ કમાવાના જ ચકકરમાં છે. અને નામ મેળવવા ખાતર એ ગમે તે હદે જવા તૈયાર થઇ જાય છે; એવા કિસ્સાઓ રોજ બનતા હોય છે. મારા હાથે થવું જોઇએ અને મારું નામ આવવું જોઇએની ઠેર-ઠેર ભાગદોડ છે.નામ મોટા કરવાના ચકકરમાં કર્મો નાના થઇ ગયાં છે.- હોસ્પિટલોમાં દર્દીઓને ૪૦ - રૂપિયાની ભોજન માટેની કીટ આપવામાં આવે છે અને ૨૦ જણ ભોજન દાનમાં આપ્યાના ફોટા પડાવે છે. અન્ય પછાત વર્ગોનાં બાળકને ૫ - રૂપિયાનું પારલેજી બીસ્કિટ આપવામાં આવે છે અને આ ૫ રૂપિયાનું પારલેજી બતાવવા અને જતાવવા ૧૦ માણસો ફોટા પડાવવા પાછળ ઉભા રહયા હોઇ. દાન પણ એવી જ જગ્યાએ આપવામાં આવે છે જયાં બેનરો અને તખ્તીઓ લાગતી હોય. અમલનો ઇખ્લાસ અને અમલની એહમીયત લુપ્ત થવા પામી છે.

આપણા અસ્લાફની ઝિંદગીઓ પઢશો તો સમજાશે કે તેઓ અમલમાં ઇખ્લાસની કેટલી - ઉંચાઇઓ પર હતા. એક નાનું ઉદારણ આપુ તો હઝરત ઝૈનુલ આબેદિન (રહ.) અગ્રિમ હરોળના તાબીઈન છે. તે ઝમાનાનાં એક અલ્લાહવાળા ગરીબોની મદદ માટે હંમેશ તૈયાર રેહતા. અને આ કાર્ય હંમેશનું હોય હવે લોકોની એમના પરની નિર્ભરતા વધવા લાગી. લાંબા સમય સુધી આમ ચાલ્યું અને એક અરસાબાદ ઝરૂરતમંદો માટે પેલાં અલ્લાહવાળા તરફથી મળતી મદદ બંધ થઇ ગઇ. અને એક સમય આવ્યો કે લોકો પેહલી વાર એમનાં દરવાજે આવી ઉભા રહ્યા અને કેહવાં લાગ્યાં કે તમે અમને જે મદદ કરો છો એ બંધ ન કરશો. એનાથી અમારો ચૂલો સળગે છે. અને આ પેહલી વાર હતું કે ઝરૂરતમંદોએ એમની પાસે આવવું પડયું નહિતર અલ્લાહવાળા ખુદ જતાં એમની મદદ કરવા માટે. લોકોની આવી વિનંતી જોઇ અલ્લાહવાળા રડવા લાગ્યા. રૂદન સાથે તેમણે લોકોને જણાવ્યુ કે હું મદદ માટેની વ્યવસ્થા કરી શકું તેમ નથી. કેમકે મદદ કરનાર બંદો આ દુનિયાથી રૂખ્સત થઇ ગયા છે. આજે તમને જણાવી દઉં કે તમારી મદદ હું નહિ ઝૈનુલ આબેદિન (રહ.) કરતાં હતાં, હું નહિ. એમણે મને આ મદદકાર્ય માટે ઝિમ્મેદારી સોંપી હતી અને એકહયું હતું કે , કોઇને એ માલૂમ ન થાય કે મદદ કોણ કરે છે. હવે આજે કહી દઉં કે તમારી મદદ કરનાર ઝૈનુલ આબેદિન (રહ.) હતા. એમનાં– ઇન્તેકાલ પર ખબર પડી કે , કરીબ ૧૦૦ ઘરો આપની ઇમ્દાદ પર ચાલતાં હતાં. આતો ફકત એક ઉદાહરણ ધ્વારા મેં અમલમાં ઇખ્લાસ સમજાવવા પ્રયત્ન કર્યો. આવા તો સેંકડો ઉદાહરણ છેઆપણા અસ્લાફનાં જે જીવનને સુખ-સંપન્ન અને નિરામય બનાવવા માટેનાં પ્રેરણા સ્રોત છે.

આજે આપણે જોઇએ તો સમગ્ર માનવ સમુદાયમાંથી માનવ મૂલ્યો અદ્રશ્ય થઇ ગયાં છે. સંસ્કારો અને અખ્લાકનું દેવાળું ફૂકાયું છે. સમગ્ર માનવ સમાજ હિંસા અને ક્રૂરતાની લપેટમાં છે ત્યારે આપણે આપણી કઇ ખુબીઓ ઉપર નાઝ કરીએ છીએ અને ઇતરાઇએ છીએ એ આશ્ચર્યનો વિષય છે. આપણા વડવાઓ પોતાને ગુનેગાર બંદા તરીકે વર્ણવતા હતા અને આપણે ગુનેગાર હોવા છતાં આપણી જાતને મહાન બતાવીએ છીએ. આ તે કેવી સમયની ઉથલ પાથલો છે જે સમગ્ર જીવન કાળ પસાર થઇ જવા પછી પણ આપણી સાચી ઓળખ આપણને થવા દેતી નથી. આ મીથ્યા મહાનતાનો ભૂત આપણા શીરેથી ઉતરશે ખરો ? ભ્રમ જયારે એક લાંબો સમય ચાલે છે પછી એ કાયમી થઇ જાય છે અને ભ્રમીત મહાતાનાં ભ્રમમાં ડૂબકીઓ મારતો થઇ જાય છે. આ મહાનતાનાં મોતિયાનું તત્કાળ ઑપરેશન અનિવાર્ય છે.

• (પટેલ મહમદસાલેહ મકબુલહુશેન. લીંડીયાત.)

## આપણે જીવસૃષ્ટિનો એક ભાગ છીએ, એટલે એ રીતે જ જીવીએ

જે જીવસૃષ્ટિનો આપણે એક ભાગ છીએ એ સૃષ્ટિ તેના ચોકકસ નિયમોથી ચાલે છે. એમાંનો એક નિયમ એવો દેખાય છે કે જીવસૃષ્ટિનો દરેક જીવ પોતાના સ્વાર્થને કેન્દ્રમાં રાખીને વર્તતો હોવા છતાં પોતાના સ્વાર્થની પ્રવૃત્તિ કરતી વખતે પરમાર્થે પ્રવૃત્તિ થતી જ રહે છે. છોડ પોતાની વંશવૃધ્ધિ થાય એટલા માટે મધમાખી, પતંગિયા અને અન્ય જંતુઓને આકર્ષવા માટે સુગંધ પ્રસરાવે છે કે રંગો ખુલ્લા કરે છે અને ફૂલ ઉપર બેસતી મધમાખી પણ મધની સામગ્રી મેળવવા માટે જ બેસે છે. છોડની વંશવૃધ્ધિ કરવાની ક્રિયામાં મદદ કરવાની પરમાર્થી વૃત્તિ તેનામાં હોતી નથી. છતાં આડકતરી રીતે છોડની વંશવૃધ્ધિનું કામ તેનાથી થાય છે. ફૂલો પર ખીલતા રંગ અને સુગંધ અને ફૂલો પર મધમાખીનું જવું, માત્ર તેમના પોતાના સ્વાર્થની જ વાત હોય છે. આમ, કુદરતે સર્જેલી આ જીવનલીલામાં પત્યેક જીવ સ્વાર્થી અને નિઃસ્વાર્થી બંને પ્રકારનું વર્તન એક સાથે જ કર્યા કરે છે.

પરંતુ આપણે માણસ છીએ એટલે અમુક સમજ અને બુધ્ધિ ધરાવીએ છીએ. અને એનો ઉપયોગ આપણે હકારાત્મક રીતે કરવાનો છે.

સ્વાર્થ અને ત્યાગ બંને વૃત્તિઓ સૌમાં રહેલી હોય છે. ત્યાગની બાબતમાં માતાના ત્યાગને કોઈ પહોંચી શકતું નથી. પોતાના બચ્ચા માટે એ જીવ આપવા તૈયાર થઈ જાય છે, પરંતુ એ વખતે પણ એના અસ્તિત્વમાં કયાંક પોતાપણું પડેલું હોય છે. પોતાના બચ્ચાંને તે પોતાના કરતાં પણ વધારે ઉત્તમ એવું પોતાનું સ્વરૂપ માનતી હોય છે અને એટલે જ તેના માટે તે સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર થઈ જાય છે.

આપણું શરીર અનેક કોષોનું બનેલું છે. તે દરેક કોષને પોતપોતાનું જીવન અને પોતપોતાનું કાર્ય હોય છે. કોષો જન્મે છે, જીવે છે અને મરે છે. આમ, આપણા શરીરમાં પ્રતિક્ષણ જન્મવાની અને મરવાની ક્રિયા સતત ચાલ્યા જ કરે છે, જેની આપણને ખબર પડતી નથી.

પરંતુ આ બધામાં સમજવા જેવી એક વાત એ પણ છે કે આપણા શરીરમાં રહેલા કેટલાક કોષો બીજા કેટલાક કોષો માટે પોતાનું બલિદાન આપે છે. બહારથી કોઈ રોગના જંતુઓ શરીરમાં દાખલ થાય ત્યારે એની સાથે લડવા માટે આપણા શરીરના હજારો–લાખો કોષો ધસી જાય છે અને રોગના જંતુઓ સાથેની લડાઈમાં મૃત્યુ પામે છે. આમ, શરીરના અન્ય કોષોને બચાવવા માટે તેઓ પોતાનું બલિદાન આપે છે. એ કોષો ટી સેલ તરીકે ઓળખાય છે. તેમનું કામકાજ લડવાનું અને લડીને મૃત્યુ પામવાનું છે.

જો આપણા અસ્તિત્વના ઉંડાણમાં માત્ર સ્વાર્થવૃત્તિ જ પડેલી હોત તો આ પ્રમાણે થઈ શકત નહીં. કુદરતે સર્જેલી જીવનલીલામાં આપણને બે વાત જોવા મળે છે. એક તો દરેક જીવ એના પિંડના બંધારણ પ્રમાણે સ્વાર્થ અને પરમાર્થ બંને વૃત્તિઓ એક સાથે ધરાવે છે અને બીજું, જીવસૃષ્ટિની આખીયે સાંકળ પરસ્પરના આધારે જ ચાલ્યા કરે છે. તેમાં જે સ્વાર્થ હોય છે એ જ પરમાર્થ હોય છે. કોઈ એકબીજા ઉપર ઉપકાર નહીં કરતા હોવા છતાં એકબીજા સાથે અતૂટપણે સંકળાયેલા હોય છે.

કેટલાક સાફસુફનું કામકાજ કરે છે, પરંતુ તેમને ખ્યાલ નથી હોતો કે તેઓ ગંદકી સાફ કરવાનું કામ કરે છે. કાગડા, ગીધ, જરખ જેવા જીવો આ પ્રકારનું કામ કરે છે. તેમની ગેરહાજરી હોય તો ધરતી કેટલી ગંદી થઈ જાય ? ધરતી ગંધાઈ ઉઠે અને ચારે તરફ પ્રદૂષણ ફેલાઈ જાય. છતાં આ કામ કરતી વખતે તેને તેઓ પરોપકારનું કામ માનતા નથી.

એટલે તેઓ કયારેય હડતાળ પાડતા નથી કે વેતન વધારો માંગતા નથી. આ ગંદકી સાફ કરવાના કામમાં જ કુદરતે તેમનો ખોરાક મૂકયો છે, તેમનો સ્વાર્થ મૂકયો છે.

આવું જ વનસ્પતિ અને પ્રાણીઓની બાબતમાં પણ છે. પ્રાણીમાત્રને જીવવા માટે પ્રાણવાયુની જરૂર પડે છે. એ પ્રમાણસર અને શુધ્ધ મળવો જોઈએ. તેનું પ્રમાણ કે વિશુધ્ધિ ઘટે કે વધે તો જીવસૃષ્ટિને ધકકો પહોંચે અને પૃથ્વી ઉપર ગમે તેટલો પ્રાણવાયુનો જથ્થો હોય તો પણ કયારેક તો તે વપરાઈ જ જાય અથવા તેના પ્રમાણમાં ફરક પડી જાય. એવું ન બને એટલે વનસ્પતિ અને પ્રાણીઓની જીવનરીતિ કુદરતે એવી ગોઠવી છે કે

એકનો કચરો બીજા માટે ખોરાક બની રહે. પ્રાણઓ પોતાના શ્વાસમાં પ્રાણવાયુ-ઓકિસજન લઈને કાર્બન ડાયોકસાઈડ કચરા રૂપે બહાર કાઢે છે એનો જ ઉપયોગ કરીને એમાં રહેલ કાર્બનમાંથી વનસ્પતિ પોતાના માટે ખોરાક તૈયાર કરે છે અને ઓકિસજન હવામાં પાછો કાઢે છે. આ ક્રિયા ચોકસાઈથી ચાલે છે કે એને કારણે આપણે સૌ આ ધરતી પર જીવી રહયા છીએ.

આવી તો નાની મોટી અનેક ક્રિયાઓ જીવ પોતાના સ્વાર્થ માટે કરતા રહે છે અને એમાંથી જ પરમાર્થનું એક ચક્ર પણ ચાલ્યા કરે છે. એટલે આ સૃષ્ટિમાં વસતા કોઈ પણ જીવ માટે સંપૂર્ણ સ્વાર્થી બનીને જીવવાનું શકય નથી.

પરંતુ મનુષ્યમાં બુધ્ધિ છે એનો ઉપયોગ માત્ર સ્વાર્થ સાધવામાં એ કરી શકે છે. મનુષ્ય ફૂલોમાં રંગ અને સુગંધ શા માટે હોય છે એનું કારણ શોધી કાઢે છે અને પોતાને જોઈતી મધ માટેની સામગ્રી પરાગરજને એક સ્થળેથી બીજે સ્થળે ફેરવ્યા વિના કઈ રીતે મેળવી લેવી તેની યુકિત શોધી કાઢે છે. આવું તે ઘણી બાબતોમાં કરી શકે છે. જો હવા શુધ્ધ કરવાનું વનસ્પતિનું કામ કરવાનું હોય તો પોતાના ખોરાક માટેનો કાર્બન છૂટો પાડયા પછી પણ ઓકિસજન કઈ રીતે સંઘરી રાખવો તેના નુસ્ખા શોધ્યે રાખે છે.

આમ હોવાથી મનુષ્ય પોતાના જીવનમાં, સમાજમાં અને આસપાસની સૃષ્ટિમાં અનેક પ્રશ્નો સર્જે છે. જેટલા પ્રમાણમાં કુદરતે તેનામાં સ્વાર્થ, બલિદાન, સ્વરક્ષા, લોભ, કામ મૂકેલાં છે. તેનું સમતોલન જાળવીને જ તેણે જીવવું જોઈએ. તેમ ન કરનાર મનુષ્ય વિશાળ જીવસૃષ્ટિનો તેમજ પોતાના પિંડનો પણ દ્રોહ કરે છે.

કુદરતે તો દરેક જીવમાં માત્ર એટલો જ સ્વાર્થ મૂકયો છે કે જેથી તે પોતાનું રક્ષણ અને પોતાનો જીવનનિર્વાહ કરી શકે. એટલું જ નહીં, એની સ્વાર્થી ક્રિયાઓ સાથે જ પરમાથી ક્રિયાઓ પણ સંકળાયેલી જ હોય છે.

આજે આપણે ગ્લોબલ વોર્મિંગ, વાવાઝોડાં, કમોસમી ઘટનાઓ જોઈ રહયા છીએ તે માનવીનું સર્જન છે. મહાસત્તાઓ અને ધનવાનોના સ્વાર્થીનું પરિણામ છે. આજનો મનુષ્ય જો થોડો ઓછો સ્વાર્થી બનશે તો માનવજાત માટે જ નહિ પણ આવતીકાલની જીવસૃષ્ટિ માટે ઉપકારક બનશે. • (સૌ.મોહમ્મદ માંકડ)

## • સફળતા

આ દુનિયામાં એવું કોણ હશે કે જે સફળ થવા નહિ ઈચ્છતું હોય? સફળતા દરેકને ગમે છે. દરેક વ્યકિત સફળ થવા માટે જાતજાતની રીત-ભાત, જાતજાતના અખતરા અજમાવે છે. કોઈ તેના ગુરુ પર આધાર રાખે છે, તો કોઈ મોટીવેશનલ લેખક પર, તો કોઈ તેના આરાધ્ય દેવ પર, તો કોઈ જયોતિષ અને ગ્રહોની ચાલ પર, તો કોઈ ભૂવા-ભોપાળા પર. લોકો અવનવા ઉપાયો અજમાવીને સફળ થવા પ્રયત્નો કરતા હોય છે, પરંતુ હજુ સુધી માર્કેમાં સફળતાની કોઈ ગેરંટીવાળી ફોર્મ્યુલા મળતી હોય તેવું સાંભળ્યું નથી. બધા ફકત તુકકા જ અજમાવે છે. તેના ઉપરથી સર્વસામાન્ય નિયમ બનાવી ન શકાય.

આપણે બધા પેલા કસ્તુરી મૃગ જેવા છીએ. તેની પાસે જ કસ્તુરી હોવા છતાં તે જંગલમાં તેની શોધ માટે ભટકે છે. આપણે પણ એવું જ કરીએ છીએ. કહેવાનો મતલબ એટલો જ છે, સફળતા કોઈની પાસેથી મળતી નથી, આપણે તે મેળવવી પડે છે. અને તેની ચાવી છે યોગ્ય દિશામાં મહેનત. મહેનત તો આપણે બધા કરીએ જ છીએ પણ તે સાચી દિશામાં છે કે નહિ, તે જાણતા નથી. એટલા માટે જ આપણે નિષ્ફળ જઈએ છીએ.

ડોકટરની ખરી કસોટી દર્દીના રોગને શોધવાની છે. જો તે સાચું દર્દ શોધી કાઢશે તો તેનો ઈલાજ સહેલો બની જશે. કેટલાક ડોકટરો દર્દનું સાચું નિદાન કર્યા વિના તેનો ઈલાજ કરવા લાગી જાય છે. જેના લીધે તેમને રોગ નાથવામાં સફળતા મળતી નથી. આપણે પણ જયાં જવું હોય, તેનો સાચો રસ્તો શોધવો પડશે. સહુથી વધારે સમય સાચો રસ્તે શોધવામાં જાય છે. એકવાર રસ્તો મળી ગયા પછી ત્યાં કેવી રીતે જવું તે વિચારવું સહેલું થઈ જાય છે. આપણને મંજીલની ખબર હોય પણ તેની દિશા ન જાણતા હોઈએ ત્યારે તેના સુધી પહોંચવું મુશ્કેલ બની જાય છે.

ભુજિયાનું નામ પડતાં જ આપણને હલ્દીરામનું નામ યાદ આવે. કેમ કે બંને નામો એકબીજા સાથે એવા સંકળાયેલા છે કે બંને એકબીજાના પર્યાય બની ગયા

છે. ૧૯૩૭માં રાજસ્થાનના બિકાનેર શહેરમાં ફક્ત બાર વર્ષની ઉંમરે હલ્દીરામે તેમની ભુજિયાની દુકાન શરુ કરી હતી. આ બાર વર્ષના છોકરાએ તે સમયે ભુજિયા બજારમાં ધૂમ મચાવી દીધી હતી. નાની ઉંમરથી ન તેઓ કવોલીટીના એટલા આગ્રહી હતા કે ઘણીવાર ભુજિયા બરાબર તળાયા છે કે નહિ, તે જોવા ઉકળતા તેલના કઢાયામાં તેઓ હાથ નાંખી દેતા હતા. પચાસના દાયકામાં અઠવાડિયાના બસો કિલો ભુજિયા તેમની દુકાનેથી વેચાતા હતા. બે પૈસે કિલોથી શરૂ થયેલો ભુજિયાનો ભાવ થોડાક સમયમાં જ પચીસ પૈસે કિલો સુધી પહોંચી ગયા હતા.

સતત વધતી લોકપ્રિયતાને કારણે તેમણે સેવનું નામ બિકાનેરના રાજા ડુંગર પરથી રાખ્યું હતું. તે પછી ડુંગર સેવ પ્રસિધ્ધ થઈ હતી. તેમનો આ બિઝનેસ અત્યારે ત્રીજી પેઢી સંભાળી રહી છે. ત્રીજી પેઢીએ આ ધંધો દેશની રાજધાની દિલ્હી સુધી પહોંચાડી દીધો. ચાંદની ચોકમાં તેમણે ભુજિયાની શરૂઆત એક નાનકડા સ્ટોલથી કરી હતી. ૧૯૮૪ના રમખાણોમાં તેમની આ દુકાન બાળી નાંખવામાં આવી હતી. કપરા સંજોગોમાં હાર ન માનતા આ બંને ભાઈઓએ તે દુકાન ફિનિકસ પંખીની જેમ, રાખમાંથી ઉભી કરી હતી. તે પછી તેમણે પોતાની કંપની ઉભી કરી હતી.

ભુજિયાની પ્રસિધ્ધિ દિલ્હી અને બીજા રાજયોમાં પહોંચી એટલે તેમણે આખા દેશમાં દુકાનો ખોલવાનું વિચાર્યું. એટલેથી જ ન અટકતાં આ બે ભાઈઓએ ૧૯૯૩માં પહેલી જ વાર તેમની પ્રોડકટ અમેરિકામાં એકસપોર્ટ કરી. તે પછી તો તેમણે અનેક દેશોમાં તેમની પ્રોડકટ મોકલવાનું શરૂ કર્યું. ૨૦૧૫માં કંપનીને મોટો આંચકો લાગ્યો. અમેરિકન સરકારને હલ્દીરામ પ્રોડકટમાં પેસ્ટીસાઈડની હાજરી લાગતાં તેને બેન કરી દીધી. જો કે થોડાક સમયમાં તે મામલો સુલઝાઈ ગયો.

હાલમાં હલ્દીરામ, ભુજિયા સિવાય અનેક જાતની નમકીન્સ અને મીઠાઈઓ પણ વેચે છે. તેઓ તેમની પ્રોડકટ દુનિયાના પચાસ કરતાં વધારે દેશોમાં એકસપોર્ટ કરે છે. દેશ-વિદેશની ડિમાન્ડને પહોંચી વળવા માટે તેમણે નાગપુર, નવી દિલ્હી, કોલકાત અને બિકાનેરમાં મેન્યુફેકચરિંગ પ્લાન્ટસ્ નાંખ્યા છે. તેમની પ્રથમ ફેકટરી નાગપુરમાં ૧૯૭૦માં શરૂ થઈ હતી.

તેમની આ કંપનીએ નાગપુર, કોલકાતા, પટના, લખનૌ, નોએડા અને દિલ્હીમાં રેસ્તોરાં પણ શરૂ કરી છે. કંપનીનો દાવો છે કે આ રેસ્ટોરામાં દર વર્ષે ૩૮૦ કરોડ લિટર દૂધ, ૮ કરોડ કિલો માખણ અને ૬ કરોડ કિલો જેટલું ઘી વપરાય છે.

૨૦૧૬માં આ કંપનીનું એમ્પાયર લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયાનું હતું. એકવાર એવો દાવો ણ થયો હતો કે તેમની આ કંપનીનું ટર્નઓવર મેકડોનાલ્ડ અને ડોમિનોઝ પિત્ઝા કરતાં પણ વધારે છે. તેમની કંપની ઉપરથી ભુજિયા બેરન્સ નામનું પુસ્તક લખાયું છે. એક નાનકડી દુકાનથી શરૂ થયેલી આ કંપની હવે બિગ એમ્પાયર બની ગઈ છે.

હલ્દીરામ ફક્ત બાર વર્ષની ઉંમરે જ તેમનું લક્ષ્ય અને દિશા નકકી કરીને મેદાનમાં ઉતર્યા હતા. તેઓ સખત મહેનતુ અને ઉધમી હતા. એકવાર જે કામ હાથ ઉપર લે તે પુરું કરીને જ છોડતા. એટલા માટે જ તેઓ તેમનું લક્ષ્ય મેળવવામાં સફળ થયા હતા.

તમે જોયું હશે, કેટલાયે લોકો ખૂબ જ મહેનતુ, બુધ્ધિશાળી અને નિયમિત હોય છે. છતાં તેમને સફળતા મળતી નથી.કેમ ? ખમે કહેશો, તેનું નસીબ વાંકું હશે. આપણને બધાને નસીબ નામની સરસ છટકબારી મળી ગઈ છે. જયારે જયારે નિષ્ફળતા મળે છે ત્યારે ત્યારે બધો દોષનો ટોપલો નસીબ ઉપર ઉંધો વાળી દેવાનો. જે લોકો નસીબનું બહાનું કાઢીને તેમનું ધ્યેય પડતું મૂકે છે તેઓ જીવનમાં કોઈ દિવસ આગળ વધી શકતા નથી. હલ્દીરામે કોઈ દિવસ કોઈ કામ નસીબ પર છોડયું ન હતું. નસીબ આપણી હસ્તરેખાઓમાં નહિ, આપણા હાથમાં છે.

તેનાં અનેક કારણો હોય છે. તે કારણો આપણે આપણી નિષ્ફળતામાંથી શોધવા પડે છે. સહુથી મોટો પાઠ આપણને આપણી ભૂલ કે નિષ્ફળતામાંથી જ શીખવા મળે છે. નિષ્ક્રિય થયા પછી હતાશા કે નિરાશા આવે તે સ્વાભાવિક છે. થોડા સમય પછી કળ વળે ત્યારે તે ન્ષ્ફિળતાનો અભ્યાસ કરજો. તમને ચોકકસ તેમાંથી તેનું કારણ મળશે. એકવાર ભૂલ પકડાય પછી તેને સુધારવા માટે અથાગ મહેનતની જરૂર હોય છે.

## નાની પણ વાંચવા-સમજવા જેવી વાતો

કવિશ્રી દલપતરામની પંકિતઓ છે

**જેનો જેવો ભાવ,**
**તેની તેવી કવિતા છે એમાં,**
**બેસીને જુઓ આ**
**બડા બાગના બહારને**
**ગમે ત્યાં ગમ્મત કરો,**
**ન ગમે તે નિંદશો મા**
**રાખજો તે જગા બીજા રમનારને.**

થોડું મન દઈને આ પંકિતઓ વાંચીએ તો એમાં રહેલા જીવનને સુખી બનાવવાનાં રહસ્યો સમજાય છે. દલપતરામ કહે છે એ રીતે જો માણસ વર્તે તો એ પોતે સુખી રહી શકે છે અને બીજાઓ પણ સુખેથી રહી શકે છે. જીવનની, કુદરતની, દુનિયાની વિશાળતા અને વિવિધતાનો પણ આ પંકિતઓ ખ્યાલ આપે છે. આપણે તો જગતબાગનો એક સાવ નાનકડો સામાન્ય ટુકડો છીએ. જીવનબાગમાં અત્ર, તત્ર,સર્વત્ર આનંદ વેરેલો છે. પણ એમાંથી આપણને ગમતું વીણતાં આવડવું જોઈએ. અને છતાં કોઈ સર્જન આપણને ન ગમે, આપણને આનંદદાયક ન લાગે તો એ સર્જન બીજાના માટે રાખવું જોઈએ. આપણને ન ગમે એ બીજા કોઈકને ગમી શકે છે. કુદરતે એનું સર્જન બીજા કોઈ માટે કર્યું હશે એવી સમજણ કેળવવી જોઈએ. સમગ્ર સૃષ્ટિનું સર્જન આપણા એકલા માટે થયું નથી. અહીં નિંદશો મા- શબ્દનો અર્થ એની નિંદા ન કરશો એ તો થાય જ છે પણ બીજો અર્થ ખેતીમાં-બાગમાં જે વધારાની વસ્તુઓ ઉગી ગઈ હોય એનું ખેડૂત-માળી નિંદામણ કરે છે એટલે કે એને કાઢી નાખે છે, દૂર કરે છે. અહીં બંને અર્થ સુંદર રીતે કવિએ વણી લીધા છે.

■ એકવાર ઈસા અલ. એક લત્તામાંથી પસાર થતા હતા ત્યારે કેટલાક યહૂદીઓ તેમને ગાળો દેવા લાગ્યા.

એથી કોઈએ ઈસા અલ.ને પૂછયું, 'આવા ખરાબ માણસો માટે તમે દુઆ કેમ કરો છો ? તેમના ઉપર ગુસ્સો કેમ કરતા નથી ?'

ઈસા અલ.એ કહયું, 'મારી પાસે જે મૂડી હોય એમાંથી જ હું વાપરી શકુંને ?'

■ એક દિવસ કેટલાક વિદ્યાર્થીઓએ મુલ્લા નસીરુદ્દીન પાસે જઈને પોતાના વિદ્યાલયમાં પધારવાની અને શિખામણના બે શબ્દો કહેવાની વિનંતી કરી. નસીરુદ્દીને વિનંતિ માન્ય રાખી અને પોતાના ગધેડા ઉપર, પૂંછડી તરફ મોં રાખીને, સવારી કરીને વિદ્યાલય તરફ જવા રવાના થયા.

આ વિચિત્ર સરઘસને જોઈને લોકો હસવા લાગ્યા.

વિધ્યાર્થીઓ અકળાયા અને મુલ્લા પાસે જઈને કહેવા લાગ્યા, 'મુલ્લાા સાહેબ , આમ ઉંધા ગધેડે શા માટે બેઠા છો ? લોકો આપણા પર હસે છે.'

મુલ્લાએ કહયું, 'તમે બીજા લોકો પર વધારે પડતું ધ્યાન આપો છો. બીજું કાંઈ કરશો તો પણ લોકો તો ટીકા-ટિપ્પણી કે નિંદા કરશે જ. જરા વિચાર કરો...તમે મારી આગળ ચાલો તો તમારી પીઠ મારા તરફ આવે એટલે મારું અપમાન થાય. હું પગે ચાલીને આવું તો એ યોગ્ય ન ગણાય. મારા ગધેડા ઉપર હું સીધા મોંએ બેસું અને તમે મારી પાછળ ચાલો તો મારી પીઠ તમારા તરફ આવે તો એ પણ બરાબર ન ગણાય. એટલે, તમારું અને મારું માન જાળવવાનો આ જ એકમાત્ર માર્ગ છે.

■ ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ક્રીટ ટાપુના એક નાનકડા ગામડામાંથી બીજા વિશ્વયુધ્ધ વખતે નાઝીઓના જુલમથી બચીને અમેરિકામાં આવીને વસેલા અને પોતાની વિશિષ્ટ રીતે જીવતો ડો.પાપાડેરોસને રોબર્ટ ફુલહેમે પૂછયું, 'ડોકટર જીવનનો અર્થ શું ?'

ડો.પાપાડેરોસે પોતાના પાકીટમાંથી એક નાનકડા સિકકા જેવડો અરીસો કાઢીને બતાવ્યો અને કહયું, 'બીજા વિશ્વયુધ્ધ વખતે હું નાનકડડો છોકરો હતો ત્યારે રસ્તા પરથી આ ટુકડો મને મળ્યો હતો. હું એને તડકામાં રાખીને સૂર્યના પ્રકાશને અંધારી જગ્યાઓમાં ફેંકવાની રમત રમતો હતો. સૂર્યનું અજવાળું જયાં પહોંચી ન શકે એવા ખૂણાઓને આ અરીસાના ટુકડાથી પ્રકાશિત કરવામાં મને અનહદ આનંદ મળતો હતો. હું મોટો થયો એ પછી કાચના ટુકડાની મારી આ રમતનો જુદો જ અર્થ કરું છું. હું પોતે જાણે કોઈક મોટો અરીસાનો ટુકડો હતો. મૂળ અરીસો કેવો હશે એની મને ખબર નથી પણ એના એક ટુકડા તરીકે મારું કાર્ય હું જાણી શકયો છું. મારું કામ અંધારી, અગોચર જગ્યાઓમાં સત્ય, સહાનુભૂતિ, સમજણ અને જ્ઞાનનો

ઉજાસ પહોંચાડવાનું છે.

■ ઝેન ગુરુ ગેત્સુએ પોતાના શિષ્યોને કેટલીક શિખામણો આપી છે એનો આપણે પણ લાભ લઈએ.

એકાંત, અંધારા ઓરડામાં પણ, સામે કોઈ માનવંત મહેમાન હોય એ રીતે વર્તન કરો.

અહીં એક શિખામણ ઉપરાંત મનુષ્યના સ્વભાવ ઉપર કટાક્ષ પણ છે. સામાન્ય રીતે માણસ જયારે કોઈ માનવંતા મહેમાનો સમક્ષ હોય છે ત્યારે ખૂબ જ વિવેકી, સદ્‌ગુણોનો ભંડાર કે શિસ્તબધ્ધ, કુટુંબવત્સલ, ઉદાર, નિખાલસ હોય એવો વર્તાવ કરતો હોય છે પરંતુ મહેમાનોની વિદાય સાથે જ એ બધા ગુણો પણ જાણે વિદાય લઈ લેતા હોય છે.

વળી, અંધારામાં ચોર ચોરી કરે છે કે કોઈ ખૂનખરાબ કે દુષ્કૃત્ય કરે છે એટલે એવાં દુષ્કૃત્યોથી બચીને રહેવા માટે ઝેન ગુરુએ બહુ જ ટૂંકમાં ઉંડી ફિલસૂફીની વાત કરી છે.

• માણસ ભોટ દેખાતો હોય છતાં એવો ન પણ હોય એટલે કોઈનું મૂલ્યાંકન તેના બાહય દેખાવથી ન કરશો.

